# ગોદરેજે વાઈફાઈ એનેબલ્ડ સીસીટીવી રેન્જ ઈવ સીરીઝ લોન્ચ કરી

સીક્યોરિટી સોલ્યુશન્સનાં સ્વીકાર્યતા દરમાં વધારવાનાં અને દેશમાં નાગરિકો આત્મવિશ્વાસ સાથે "હું સલામત છું એવું કહી શકે તેવા સુરક્ષિત દેશનું નિર્માણ કરવાનાં ઉદેશ સાથે ભારતની પ્રસિદ્ધ સીક્યોરિટી સોલ્યુશન્સ પ્રોવાઈડર અને ૧૨૦ વર્ષથી કાર્યરત ગોદરેજ ગ્રૂપનો ભાગ ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સે ઈવ સીરિઝ નામની લેટેસ્ટ વાઈફાઈ અનેબલ્ડ સીસીટીવી લોંચ કર્યું હતું.

પ્રોડક્ટ્સની યુએસપી ઈવ - એટલે કે ઈઝી વ્યૂઈંગ એવરીવ્હેરે ત્રણ વેરિઅન્ટ ધરાવે છે - ઈવી મિની, ઈવી ક્યુબ અને ઈવી પીટી. ઈવીઈ સીરિઝ મકાનમાલિકોનાં મોબાઈલ હેન્ડસેટ્સમાં વીડિયો સીધો સ્ટ્રીમ કરવા સક્ષમ છે અને સમગ્ર દુનિયામાં પોતાનાં પ્રિયજનોને જોવામાં મદદરૂપ થાય છે.

ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સ માટે અમદાવાદ બજારનું મહત્ત્વ સમજાવતાં ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશ્સ, ગોદરેજ એન્ડ બોય્સ મેનુફેક્ચરિંગ લિમિટેડનાં માર્કેટિંગ, સેલ્સ એન્ડ ઈન્નોવેશનનાં એસોસિએટ વાઈસ પ્રેસિડન્ટ અને ગ્લોબલ હેડ શ્રી મેહેરનોશ પીઠાવાલાએ કહ્યું હતું કે, અમદાવાદ અમારાં માટે અતિ મહત્ત્વપૂર્ણ બજાર છે, કારણ કે તે અમારાં સંપૂર્ણ વ્યવસાયમાં વેચાણની આવકમાં નોંધપાત્ર હિસ્સો પ્રદાન કરે છે.